IJCRT.ORG ISSN : 2320-2882

INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)

An International Open Access, Peer-reviewed, Refereed Journal

# મુદ્રારાક્ષસ રૂપકમાં ગુરુની વાણીમાં વિશ્વાસ.

**શુકલ વૈભવ નરેન્દ્ર ભાઈ**
**સંશોધક (પીએચ. ડી.) સંસ્કૃત** NET/GSET
**વી.ન.દ.ગુ.યુનિવર્સિટી,**

**પ્રસ્તાવના**- વિશ્વમાં ક્યાંય એવું તત્વ છે. જે વ્યક્તિના વિકાસમાં મહત્વનું કાર્ય કરે છે. ભારતીય સંસ્કૃતિની પરંપરા એટલે ગુરુ પરંપરા. બ્રહ્મા વિષ્ણુ મહેશ નું એક સ્વરૂપ એટલે ગુરુ દત્તાત્રેય છે. જે મહાગુરુના નામથી ઓળખાય છે. તેમણે પણ 24 ગુરુઓ બનાવ્યા હતા. તેથી જ ગુરુના જ્ઞાન વગર પ્રગતિ ન થઇ શકે. ગુરુના આશીર્વાદથી કોઇ પણ કાર્ય શક્ય બને છે. ભગવાન રામથી લઈ સમસ્ત દેવો એ કોઈને કોઇ ગુરુ બનાવ્યા છે. ગુરુ એટલે જેની પાસેથી એવું જ્ઞાન મળે કે જેવી રીતે અંધારામાં પડેલી વસ્તુઓ પ્રકાશ વગર નથી દેખાતી તેમ ગુરુ આપણા અંધકારરૂપે જીવનમાં પ્રકાશ પાડી આકાંક્ષાઓ ઈચ્છાઓ જેવી અનેક બાબતોને પૂરી કરે છે. તેથી પુરાતન રૂપકના સાહિત્યકારો પણ ગુરુના જ્ઞાનને જાણતા હતા. તેથી જ તેમણે ગુરુની પરંપરા પર ભાર મૂક્યો છે. અહીં મુદ્રારાક્ષસ રૂપકમાં આવતી ગુરુની વાતનું વર્ણન નીચે મુજબ છે.

## ❖ હેતુઓ

- સાંપ્રતસમયમાંગુરુનીલાગણીનેજાણવી.
- ગુરુપ્રત્યેકુશંકાનકરવી.
- શિષ્યગુરુનેઆજ્ઞાનુંપાલનકરતોથાય.
- ગુરુશિષ્યપરંપરાજળવાઈ.
- જીવનમાંગુરુનામહત્વનેજાણે.

ઉપરોક્ત હેતુઓને સિદ્ધ કરવા માટે પ્રસ્તુત સંશોધન પત્રમાં નીચેના મુદ્દાઓ પર ગુરુ શિષ્ય પ્રત્યેના સંબંધો વિશે ટૂંકમાં માહિતી આપવાનો સંશોધકનો પ્રયાસ છે.

## ❖ સંશોધન પત્ર ના મુખ્ય મુદ્દાઓ.

1)ચંદ્રગુપ્ત ની ચાણક્ય પ્રત્યે ની લાગણી.
2) મલયકેતુનો રાક્ષસ પ્રત્યે તિરસ્કાર.

1) ચંદ્રગુપ્ત ને ચાણક્ય પ્રત્યેની લાગણી -ચંદ્રગુપ્ત એટલે નંદ વંશમાં જન્મેલો એક દાસીનો પુત્ર છે જે એક સામાન્ય બાળક છે. તેને રાજગાદી પર બેસવાનો પણ કોઈ અધિકાર નથી પરંતુ ચાણક્યજ્યારે નંદના અને અંદરથી ક્રોધિત થઈ બહાર નીકળતા તેને એક એવા શિષ્યની પ્રાપ્તિ થઇ જેને જોતા જ ચાણક્ય નક્કી કર્યું કે હવે નંદના રાજ પદને ઉખાડીને હું ત્યાં ચંદ્રગુપ્ત અને બેસાડીશ. ત્યારબાદ ચંદ્રગુપ્તને શસ્ત્ર શાસ્ત્રનું જ્ઞાન આપી. ચાણક્ય તેની ઈચ્છાઓ પૂરી કરી હતી. ચાણક્યનો સંકલ્પ પણ પૂર્ણ થયો હતો. ચાણક્ય ચંદ્રગુપ્તને એક પુત્ર કરતાં પણ વધુ પ્રેમ કરે છે. તેથી જ ચાણક્ય પ્રથમ અંકમાં કહે છે કે ચંદ્રગુપ્ત ને કોણ અસ્ત કરવા માંગે છે.

**कौटिल्यः कुटिलमतिः स एष येन क्रोधाग्नौ प्रसभमदाहि नन्दवंशः ।**
**चन्द्रस्य ग्रहणमिति श्रुतेः सनाम्नो मौर्यॅन्दोद्विषदभियोगइत्यवैति ॥मुद्राराक्षस1-7 श्लोक**

ચાણક્ય ચંદ્રગુપ્ત માટે એક કવચના રૂપમાં ઉભરી આવે છે. તેથી ચંદ્રગુપ્તને કોઈપણ પ્રકારની ચિંતા જોવા મળતી નથી.ચાણકય હંમેશા ચંદ્રગુપ્તને આગળ વધારવા માંગે છે.

**सद्यः परात्मपरिमाणविवेकमूढःकः शालभेन विधिना लभतां विनाशम् ॥मुद्राराक्षस1-10श्लोक**

ચંદ્રગુપ્તની શિષ્ય ભક્તિ પણ અગમ્ય છે. તેથી જ તે મુદ્રા રાક્ષસના ત્રીજા અંકમાં દુઃખી થાય છે. ચાણક્યની કુટનીતિના કારણે ચાણક્ય એ ચંદ્રગુપ્તને પહેલેથી જ જૂઠો ઝઘડો કરવાનું કહ્યું છે. તેથી ગુરુની આજ્ઞાનું પાલન કરી તે ઝઘડો કરે છે.અવિનયી શબ્દો બોલે છે. લોકોને દેખાડવા કે અમે એકબીજાના દુશ્મન બની ગયા છે તે માટે અનેક રચનાઓ ઘડે છે. તેમાં સફળ પણ થાય છે. પરંતુ ચંદ્રગુપ્ત ખૂબ દુઃખી જોવા મળે છે. કારણ કે તેણે ક્યારેય ગુરુને અપશબ્દ કહ્યા નથી તેથી આજે દુઃખી છે. તેને ક્યાંય દોષ નથી છતાં પણ ગુરુની સાથે ઝઘડો કર્યો છે. તેવું તેના મનમાં અનેક વાર ખૂચે છે. તેથી તેનું માથું પણ દુખે છે અને કહે છે કે હું તો ગુરુના કહેવાથી કૃત્રિમ ઝઘડો કર્યો છે. પરંતુ જે લોકો ખરેખર ગુરુ સાથે ઝઘડો કરે છે તેની તો દશા જેકેવી હશે?

**आर्याज्ञयैव मम लङ्घितगौरवस्य बुद्धिः प्रवेष्टुमवनविवरं प्रवृत्ता ।**
**वे सत्यमेव न गुरून् प्रतिमानयन्ति तेषां कथं तु हृदयं न भिनत्ति लज्जा ? ॥मुद्राराक्षस5-33श्लोक**

તેથી ચાણક્યને ચંદ્રગુપ્ત પ્રત્યે ખૂબ લાગણી છે.સાથે ચંદ્રગુપ્ત ને પણ ગુરુ પ્રત્યે પ્રેમ છે. તેથી તેનો વિજય નિશ્ચિત બને છે.ઘણીવાર ચાણક્ય ચંદ્રગુપ્ત ને વૃષલ કહીને પણ બોલાવે છે. જે ખરેખર અપશબ્દ કહેવાય છે. પરંતુ ક્યારે પણ ચંદ્રગુપ્તે ગુરુ પ્રત્યે દ્વેષ, કુશંકા, કર્યા નથી.

**जगतः किं न विजितं मयेति प्रविचिन्त्यताम् ।**
**गुरौ षाड्गुण्यचिन्तायामार्ये चार्ये च जाग्रति ॥मुद्राराक्षस7-13श्लोक**

અર્થાત્ ચંદ્રગુપ્ત સંસારની તમામ વસ્તુઓ પર વિજય પ્રાપ્ત કર્યો છે. કારણ કે તેની પાસે ચાણક્ય જેવા ગુરુદેવ અને મહામાત્ય છે. તેને ગુરુની વાણીમાં વિશ્વાસ હતો તેથી જ તેને બધું જ પ્રાપ્ત કર્યું હતું.

2) મલયકેતુનો રાક્ષસ પ્રત્યે તિરસ્કાર- મુદ્રારાક્ષસ રૂપકમાં ચંદ્રગુપ્તના સમોવળી પાત્ર તરીકે મલયકેતુ ઉભરી આવે છે. પરંતુ મલયકેતુમાં ચંદ્રગુપ્ત જેવા ગુણો જોવા મળતા નથી. મલયકેતુમાં વિરોધાભાસી ગુણો જોવા મળે છે. જેના કારણે તે રાક્ષસ ગુરુ પર પણ ભરોસો કરતો નથી મલયકેતુના મતે તે પોતે જ હોશિયાર છે. તે પોતે જ રાજ ચલાવી શકે છે. તે પોતે જ જ્ઞાની છે. એવું પોતાના મને વિચારે છે. તેને રાક્ષસની તમામ વાતો જૂઠી લાગે છે.

**मित्रं ममायमिति निवृ तचित्त वृत्त विश्रम्भतस्त्वयि निवेशितसर्वकार्यम् ।**
**तातं निपात्य, सह बन्धु जनताक्षितोयरन्वर्थतोऽपि ननु राक्षस ! राक्षसोऽसि ॥ मुद्राराक्षस5-7 श्लोक**

અર્થાત મેં જેને મિત્રને જેમ માન્યો છે. તે જ આજે મારા પિતાનો હત્યારો બન્યો છે. જેણે મારા સગા વહાલા ને રડાવ્યા છે. તું નામથી જ નહીં પણ કામથી પણ રાક્ષસ છે. આવા તો અનેક શબ્દો મલયકેતુ એ રાક્ષસને કહ્યા હતા.

**मलयकेतुः- मौर्योऽसौ स्वामिपुत्रः, परिचरणपरो मित्रपुत्रस्तवाहं**
**दाता सोऽर्थस्य तुभ्यं, स्वमतमनुगतस्त्वन्तु मह्यं ददासि ।**
**दास्यं सत्कारपूर्वं ननु सचिवपदं तत्र ते, स्वाम्यमत्र,**
**स्वार्थे कस्मिन् समीहा पुनरधिकपरे त्वामनायं करोति ?।।मुद्राराक्षस5-19 श्लोक**

મલયકેતુ કહે છે કે જે ચંદ્રગુપ્ત નંદની ઉત્પન્ન થયો છે અને હું તમારા મિત્ર પર્વતકનો પુત્ર છું. અને આપની સેવામાં તત્પર છું. છતાં પણ તમે મારો પક્ષ ન લઇ અને ચંદ્રગુપ્તનો પક્ષ લીધું. શું તમને ચંદ્રગુપ્ત પૈસા આપે છે કે પછી પદની લાલસામાં તમે મારી સાથે મિત્રતા રાખીને તમારો સ્વાર્થ દર્શાવો છે. આવા અનેક શબ્દો મલયકેતુએરાક્ષસને કહ્યા છે.

**कन्यां तीव्रविषप्रयोगविषमां कृत्वा कृतघ्न ! त्वया विस्त्रम्भप्रवणः पुरा मम पिता नीतः कथाशेषताम् । सम्प्रत्याहितगौरवेण भवता मन्त्राधिकारे रिपोः प्रारब्धाः प्रलयाय मांसवदहो ! विक्रेतुमेते वयम् ॥ मुद्राराक्षस 5-21श्लोक**

હેરાક્ષસ તે મારા પિતાને વિષકન્યા દ્વારા મૃત્યુને ઘાટ પહોંચાડીને ચંદ્રગુપ્ત અને રાજા બનાવી તેનું મંત્રીપદ લેવાની લાલસાથી અમને માસ સમાન શત્રુને વેચવા તૈયાર થયો છે.પહેલા તે એવું કહેવા માંગે છે કે અત્યારે હું એકલો થયો અને તમે બધા એક થયા એટલે મારો નાશ નિશ્ચિત છે. પરંતુ પછી તે પોતાનું અભિમાન બતાવે છે.

**विष्णुगुप्तश्च मौर्यञ्च सममप्यागतौ त्वया ।उन्मूलयितुमीशोऽहं त्रिवर्गमिव दुर्नयः॥**

**मुद्राराक्षस5-22श्लोक**

ઉપર મુજબના શ્લોકમાં મલયકેતુ પોતાનું અભિમાન દર્શાવે છે અને કહે છે કે હું એકલો ચાણક્ય અને ચંદ્રગુપ્તનો નાશ કરવામાં સમર્થ છું. જેવી રીતે એક ખરાબ નીતિ દ્વારા ધર્મ અર્થ કામના ગઠનને નષ્ટ કરી નાખવામાં સમર્થ હોય છે. આ રીતે રાક્ષસ તેની સાથે હોવા છતાં પોતે જ બધું કરવામાં સમર્થ છે. એવું અભિમાન દેખાય છે.

**जानाति विश्वासयितुं मनुष्यान्विज्ञातदोषेषु दधाति दण्डम्।**
**जानाति मात्रां च तथा क्षमां चतं तादृशं श्रीर्जुषते समग्रा ॥ विदुरनीतिश्लोक-110**

વિદુર નીતિ માં કહ્યું છે કે જે વિશ્વાસુ છે દંડના પરિમાણો ને જાણીને અપરાધીને દંડ કરે છે જે ક્ષમાવાન પણ છે તેવા રાજાને સંસારની સંપૂર્ણ સંપત્તિ પ્રાપ્ત થાય છે. આ ગુણો મલયકેતુમાં જોવા મળતા નથી તેથી જ તે બંદી બન્યો છે. તે ખરેખર તો વિશ્વાસઘાતી છે તેથી જ તે રાક્ષસ જેવા ગુરુનું અપમાન કર્યું હતું. અનેક દોષોના કારણે મલયકેતુ રાજપદ

પ્રાપ્ત ન કરી શકયો. જ્યારે ચંદ્રગુપ્ત અને રાજ પદ સરળતાથી પ્રાપ્ત થઈ ગયું. આથી ગુરુના આશીર્વાદથી અશક્ય કામ પણ શક્ય બની શકે છે.

**ઉપસંહાર-** મુદ્રારાક્ષસ રૂપકમાં ચાણક્ય અને રાક્ષસ બંને ગુરુ તરીકે ઉભરી આવે છે. બંનેને શિષ્ય પ્રત્યે સમાન લાગણી પ્રેમ છે. પરંતુ શિષ્યોમાં ચંદ્રગુપ્ત અને મલયકેતુમાં જમીન આસમાનનો ફર્ક જોવા મળે છે. તેથી જ ચંદ્રગુપ્તે ચાણક્ય પ્રત્યે સારું મનોવલણ દર્શાવીને તેણે ગુરુ સાથે પ્રેમભાવ રાખ્યો છે. તેથી તે રાજા બની ગયા હતા. બીજી બાજુ મલયકેતુ એ ગુરુ સાથે દ્રોહ કર્યો હતો. તેથી તે બંદી થયો હતો. અંતે રાક્ષસે જ તેને મુક્ત પણ કર્યો. આમ ગુરુની લાગણી, પ્રેમ પર વિશ્વાસ રાખવાથી અશક્ય કાર્ય પણ શક્ય કરી શકીએ છીએ. આ રૂપક થી સમજાય છે કે ગુરુને શિષ્ય પ્રત્યે ક્યારેય દ્વેષ હોતો નથી. હંમેશા શિષ્યને ગુણવાન, વિદ્વાન બનાવવા માટે ગુરુ નવી યુક્તિઓ દ્વારા જ્ઞાન આપે છે.

## સંદર્ભ સૂચિ


1) મુદ્રારાક્ષસ, અનુવાદક-શ્રી દિનેશભાઈ દેસાઈ, પ્રકાશક-શ્રીમતી ભાવનાબેન દવે. પ્રકાશન-યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ ગુજરાત
2) મુદ્રારાક્ષસ, સંપાદક-ડો.ગંગાસાગરરાય, પ્રકાશક-ચોખંબાસંસ્કૃત સંસ્થાન,વારાણસી
3) વિદુરનીતિ, ગીતાપ્રેસ ગોરખપુર.